ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# બિન સચિવાલય જુનિયર ક્લાર્કની અધુરી ભરતી પ્રક્રીયા પૂર્ણ કરવા માંગ

## ૪૦૩૫ પાસ ઉમેદવારો સામે માત્ર ૨૧૬૦ને જ નિમણૂંક મળી છે : ઘ-૨ પાસે દેખાવો કર્યા



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ગૌણ સેવા પસંદગી સેવા મંડળ દ્વારા હાથ ધરાયેલ જુનિયર ક્લાર્કની ભરતી પ્રક્રિયાના અંતે પરીક્ષામાં પાસ થયેલા ૧૮૭૫ ઉમેદવારોને નિમણૂંક ન અપાતા આક્રોશ પ્રવર્ત્યો છે. આ ઉમેદવારોએ આજે શહેરમાં ઘ-૨ ખાતેથી રેલી નિકાળી સૂત્રોચ્ચાર કર્યા હતા. અધુરી ભરતી પ્રક્રીયા પૂર્ણ કરવા ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષને આવેદનપત્ર આપ્યું હતું.

બિન સચિવાલયના જુનિયર ક્લાર્કની અધુરી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા અગાઉ આ ભરતી પ્રક્રિયાને અનુલક્ષી પરીક્ષા યોજવામાં આવી હતી જ્યારે આ પરીક્ષામાં ૨૦૩૫ ઉમેદવારો ઉત્તિણ થયા હતા. સાત મહીના પૂર્વે ઉત્તિર્ણ થયેલા આ ઉમેદવારો પૈકી ૨૧૬૦ ને નિમણુંક આપવામાં આવી હતી જ્યારે આચારસંહિતાનો મુદ્દો લાગી આવતા બાકીના ઉમેદવારોની ભરતી અધુરી રહી ગઈ હતી. જુનિયર ક્લાર્કની ભરતી પ્રક્રિયા અન્વયે બાકી રહી ગયેલા ૧૮૭૫ ઉમેદવારોને ન્યાય મેળવવા આજે ગાંધીનગરમાં ઘ-૨ પાસેથી રેલી નિકાળી હતી. આ દરમિયાન અધુરી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા માટેની માંગ સાથે તેમણે 'હમારી માંગ પુરી કરો'ના સૂત્રોચાર કરી આખરે મંડળના અધ્યક્ષને આવેદનપત્ર સુપરત કર્યું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦૦ થી વધુ ઉમેદવારોએ હાથમાં બેનરો રાખી દેખાવો કર્યા હતા.

# શહેરી વિકાસની વિવિધ યોજનાઓની અમલવારીમાં જિલ્લામાં નિરાશાજનક સ્થિતિ

## ઉમ્મીદમાં નામાંકનની સામે માત્ર ૫૦ ટકા યુવાનો તાલિમમાં જોડાયા : સખી મંડળની રચનામાં તેમજ મહિલા સ્વરોજગારીની યોજનાઓની અમલવારીમાં અત્યંત નિરાશાજનક સ્થિતિથી ચોંકી ઉઠેલું તંત્ર

ગાંધીનગર, તા. ૬

શહેરી વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલ વિવિધ યોજનાઓની અમલવારીમાં જિલ્લાતંત્ર નિષ્ફળ રહ્યું હોવાની ચોંકાવનારી હકીકતો તાજેતરમાં કરાયેલ એક સમીક્ષા દરમ્યાન બહાર આવ્યું છે.

શહેરી રોજગાર કાર્યક્રમ અંતર્ગત બેંકેબલ લોન અને સબસીડી યોજનામાં કલોલ અને પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં સૌથી નબળી કામગીરી જણાઈ છે. કલોલમાં આ યોજના અંતર્ગત માત્ર ૨૪.૫૦ટકા જેટલી કામગીરી અને પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં ૨૨.૩૬ ટકા કામગીરી થયાનું ધ્યાને આવતા આ મુદ્દે હવે પછી બેંકર્સ સાથેની બેઠકમાં ગંભીર ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે.

શહેરી મહિલા સ્વરોજગારની યોજનાઓની અમલવારી શૂન્ય રહી હોવાથી તંત્ર ગંભીર બન્યું છે. મિશન મંગલમ્ યોજના અંતર્ગત પણ માત્ર ૨૫.૨૬ ટકા જેટલી જ કામગીરી થઈ હોવાથી મહિલા સશક્તિકરણની વાતો માત્ર કાગળ પર જ રહેવા પામી છે અને સરકારની યોજનાની નિષ્ફળતા છતી થવા પામી છે.

શહેરી બેરોજગારો માટે ઉમ્મીદ તાલીમ વર્ગમાં તાલિમ અને રોજગારીની તકોની વાત પણ કાગળ પર જ રહેવા પામી છે. મળતી વિગતો મુજબ જિલ્લામાં ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ ૬૧.૦૮ ટકા બેરજોગારોનું નામાંકન થયું હતું. જે પૈકી ૩૦.૬૪ ટકા યુવાનો જ માત્ર તાલીમમાં જોડાયા હતા. આ પૈકી ૨૪.૭૭ ટકા યુવાનોને પ્લેસમેન્ટ મળી શક્યું છે.


મોડેલ નગરપાલિકા અંતર્ગત પણ કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાનું તંત્રના અધિકારીઓના ધ્યાને આવ્યું છે. કલોલ નગરપાલિકામાં ૪૯ કામોને વહીવટીય મંજૂરી અપાયા પછી અત્યાર સુધીમાં માત્ર ૨૧ કામો પૂર્ણ થયા છે.

દહેગામમાં ૫૦ કામોને વહીવટીય મંજૂરી અપાયા પછી માત્ર ૧૪ કામ પૂર્ણ થયા છે. માણસામાં ૨૫ કામોની વહીવટીય મંજૂરી સામે પણ ૧૪ કામ પૂર્ણ થયા છે. માત્ર પેથાપુરમાં વહીવટીય મંજૂરી અપાયેલ તમામ કામ પૂર્ણ થયા છે.

# કલ્ચરલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ ગાંધીનગરના સુરીલ સરવૈયા અમેરીકાની મુલાકાતે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા રોટરી ઈન્ટરનેશનલના આંતર-દેશ સાંસ્કૃતિક વિનિમય યોજના હેઠળ પસંદગી પામી ગાંધીનગરના સુરીલ સરવૈયા અમેરીકાની મુલાકાતે ગયા છે.



અમેરીકાના ઓહાયો પ્રાંતમાં તેઓ એક મહિના જેટલો સમય વિતાવશે અને અમેરીકાના સમાજજીવન, શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરશે. આ ઉપરાંત ભારતની સંસ્કૃતિ અંગે તેઓ ત્યાંના સ્થાનિક વસાહતીઓને માહિતીગાર પણ કરશે. ૨૫ થી ૪૦ વર્ષની વયના વ્યવસાયી યુવાનો માટે ચાલતા રોટરી ઈન્ટરનેશનલ ગ્રુપ સ્ટડી એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ સુરીલ સરવૈયાની પસંદગી ગાંધીનગર માટે ગૌરવની વાત છે. રાજસ્થાન, ઉત્તર ગુજરાત અને મધ્યપ્રદેશમાંથી આવેલી અસંખ્ય અરજીઓમાંથી ચાર યુવાનોની આ પ્રોગ્રામ હેઠળ પસંદગી થઈ છે. જેમાં ગાંધીનગરના સાંસ્કૃતિક ક્ષેત્રના અગ્રણી આશા સરવૈયા અને જયરાજસિંહ સરવૈયાના સુપુત્ર સુરીલ સરવૈયાનો સમાવેશ થાય છે.

# કલોલ કોર્ટના બેલિફ લાંચના છટકામાં ૧૫ હજાર લેતા ઝડપાયા

## પિતાની જમીનમાં ભાગ લેવા મહિલાએ દાવો દાખલ કર્યો હતો : હૂકમની બજવણી માટે બેલિફે પ્રસાદની માંગણી કરી હતી

ગાંધીનગર, તા. ૬

જમીન કેસમાં કોર્ટના હૂકમની બજવણી માટે રૂ. ૧૫ હજારની લાંચ લેતા બેલીફને એ.સી.બી.એ આજે રંગેહાથ ઝડપી લીધો હતો. પ્રસાદ આપો તો હૂકમ બજાઉ...! તેવી બેલીફની લાંચિયા માંગણી સામે મહીલાએ એ.સી.બી.ને જાણ કરી સમગ્ર છટકુ ગોઠવ્યું હતું.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર અમદાવાદમાં નારણપુરા ખાતે સ્થિત શિવકુંજ સોસાયટીમાં રહેતા ગીતાબેન કાન્તિભાઈ પટેલે કલોલ તાલુકામાં આવેલ ભાવપુરા ગામમાં પોતાના પિતાની જમીનમાં ભાગ લેવા વર્ષ ૨૦૧૧ દરમિયાન કલોલની સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. ૧૧ વીઘા જમીનમાં ભાગ મેળવવા મહીલાએ કોર્ટમાં દાવો દાખલ કર્યા બાદ તા. ૯ નવેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ કોર્ટમાં કેસ સંદર્ભે હુકમ કર્યો હતો. પરંતુ કોર્ટના બેલીફ ગંભીરજી ડી. ઠાકોરે આ હૂકમની બજવણી કરતા ન હતા. આ મામલે ગીતાબેને બેલીફનો સંપર્ક કરતા હૂકમની બજવણી સંદર્ભે બેલીફ બહાના બતાવી ટાળતા હતા. આ દરમિયાન ગીતાબેને તેમનો રૂબરૂ સંપર્ક કર્યો હતો. આ વેળાએ બેલીફે જણાવ્યું હતું કે 'પ્રસાદ આપો તો હૂકમ બજાઉં...!' આ વાતના અંતે રૂ. ૧૫ હજાર આપવાનું આજના દિવસે નક્કી થયું હતું. બીજીતરફ આ મામલે મહિલાએ એ.સી.બી.નો સંપર્ક કરી સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ઘેરી બનતી પાણીની સમસ્યા સંદર્ભે શહેર કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર અપાયુ

ગાંધીનગર, તા. ૬

શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે રાજ્યમાં ઘેરી બનતી જતી પાણીની સમસ્યાને લઈ જિલ્લા કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ઘ-૩ સર્કલ ખાતે આજે સવારે કોંગ્રેસના કાર્યકરોએ પ્રથમ દેખાવો કર્યા હતા અને ત્યારબાદ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચી આવેદન પત્ર આપ્યું હતું.

રાજ્યના ૧૦ જિલ્લા અને ૭૦ તાલુકામાં અછતની સ્થિતિ પ્રવર્તી રહી છે. પુરતુ પાણી ઉપલબ્ધ હોવા છતાં સરકાર પ્રજાને પુરૂ પાડવામાં નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કોંગ્રેસ તેના આવેદન-પત્રમાં કર્યો છે. આ વિસ્તારના મહામુલા પશુધનને બચાવવા તાત્કાલિક ઘાસ ડેપો શરૂ કરી રાહતભાવે ઘાસનું વિતરણ થાય તેવી પણ માંગ આવેદન-પત્રમાં કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં મુકેશ પટેલ, પ્રમુખશ્રી ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ, નીશીત વ્યાસ, મહામંત્રી ગુજરાત પ્રદેશ, જુગાજી ઠાકોર, બાબુજી ઠાકોર, વિક્રમસિંહ ખાચર, કોર્પોરેટરશ્રીઓ, કે.પી. સોલંકી મહામંત્રીશ્રી, વિજય સોલંકી સંગઠન મંત્રી, કેશરીસિંહ બિહોલા, રાજેન્દ્રસિંહ ચાવડા, હરેશ પટેલ, સી.એમ. વર્ષા, હિંમતલાલ મેકવાન, તેજાભાઈ દેસાઈ, કનુભાઈ શાહ, આર.કે. પટેલ, આર.બી.



સીસોદીયા, જશવંત પંડ્યા, વસંત પરમાર, મગનભાઈ પરમાર, કનુભાઈ પરમાર, પી.જે. શુશીલ, રજનીભાઈ પટેલ, પી.ઓ. પટેલ, સેંધાભાઈ પટેલ, અકીબ પઠાણ, અંકીત બારોટ તથા કોંગ્રેસના કાર્યકરો

● અનુસંધાન પાન-૭ પર

# ટ્રાફિક માટે અડચણરૂપ પાર્લરો માટે ફોટોગ્રાફ્સ સાથે રીપોર્ટ તૈયાર કરાયો

## મુખ્ય માર્ગ પર સર્કલો નજીક સ્થિત પાર્લરો બંધ કરવા તંત્ર મેદાને


ગાંધીનગર, તા. ૬

શહેરમાં સર્કલો નજીક સ્થિત પાર્લરો ટ્રાફિકની દ્રષ્ટિએ અડચણરૂપ હોવાનું ધ્યાને આવતા તંત્રકક્ષાએથી પાર્લરો તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. જો કે આ મામલે પાર્લરોના સંચાલકોએ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. બીજી તરફ તંત્ર દ્વારા ટ્રાપિકના મામલે અડચણરૂપ પાર્લરોને અનુલક્ષી ફોટોગ્રાફ્સ સાથે રીપોર્ટ તૈયાર કર્યો છે.

શહેરના મુખ્ય ઘ-માર્ગ પર વિકાસાવાયેલા સર્કલોની નજીક હાલ આઈસ્ક્રીમ પાર્લરો ધમધમી રહ્યા છે. તંત્ર દ્વારા ૭ વર્ષ પૂર્વે શરતોને આધઈન આ પાર્લરો શરૂ કરવા મંજુરી આપવામાં આવી હતી. જ્યારે સમય જતા પાર્લરોના સંચાલકો દ્વારા જરૂરી શરતોનું પાલન ન થતુ હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું. જેના પરિણામે મુદત પુરી થતા આ પાર્લરો બંધ કરી દેવા તંત્રને નોટીસ આપી છે. જ્યારે તંત્રની આ હરકત સામે પાર્લરના સંચાલકે કોર્ટ રાહે કાર્યવાહી હાથ ધરી છે. જેથી આ મામલે હવે કોર્ટે રાવે કાર્યવાહી ચાલી રહી છે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગોના કોર્નર પર સ્થિત પાર્લરોના લીધે ટ્રાફિકને લગતી સમસ્યાઓ સ્પર્શતી હોવાથી આ મામલે તંત્ર દ્વારા જરૂરી ફોટોગ્રાફ્સ સાથે રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.























Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com